જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૬/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૫૭ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૬૦,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૪૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૦/૧૬**

**નરોડાઃ** કાંતિભાઇ દેવીલાલ વિહાત (ઉ.વ.૧૯) (રહે.ગામ-ગંદવા હડમળીયા ફલા તાલુકો પીઠસિમલવાળા જીલ્લો ડુંગરપુર રાજસ્થાન) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૬/૧૬ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે કાંતીભાઈ અને કાંતીભાઈના બનેવી મહેશભાઇ કાનાભાઇ કટારા (ઉ.વ.૨૫) (રહે.ગુડુવાળા તા.સિમલવાળા જી.ડુગરપુર રાજસ્થાન) નરોડા સ્મશાન સામે એકનાથ કોમ્પલેક્ષની બાજુમા આવેલ ખુલ્લી જગ્યા નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે કાંતીભાઈના બનેવી મહેશભાઇના કુટુબી બનેવી (આરોપી) (જેના પુરા નામ સરનામાની ખબર નથી) સાથે ઝગાડાની અદાવત રાખી બોલાચાલી ઝગડો કરી મહેશભાઈના કુટુંબી બનેવીએ ચપ્પુ વડે મહેશભાઈને પેટના ભાગે ગંભીર ઈજાઓ કરી નાસી ગયો હતો. ઈજાગ્રસ્ત મહેશભાઈને સારવાર માટે વેદાત હોસ્પિટલમા દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન મહેશભાઈનુ રાતના ૧૧/૦૦ વાગે મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી.સી.આર.સંગાડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)